સારાંશ

લખ્યું'તું રાતની ઘટના વિશે ફૂલોને પૂછીને,
હું સોગંદ ખાઉં છું ઝાકળને માથે હાથ મૂકીને.

બગીચો જોઈને ડૂમો ભરાયો પાનખરને પણ,
પવન ડૂસકે ચડ્યો છે ટોચની ડાળીને વળગીને.

અમારે રાખમાંથી પણ ફરી બેઠા થવું પડશે,
નહીં જંપે અમારાં રેશમી સપનાંઓ સળગીને.

મને વાડામાં આંતરવા કર્યો'તો બંધ ઝાંપો પણ,
એ વાડામાંથી હું નીકળી ગયો'તો વાડ કૂદીને.

બધાં જીવલેણ સાહસ, સૌ સફળ થાતાં નથી નહિતર,
મદારી ન્યાલ ના થઈ જાત ઝેરી નાગ પકડીને,

સમસ્યાઓ કહે છે કે હજી તું ચાલતો રહેજે,
અવસ્થાની સિફારશ છે કે તું બેસી જા જંપીને.

નદીમાં પૂર, દરિયામાં કદી ભરતી નથી આવી,
ખલીલ, કાં રોજ છલકાયા કરે પરપોટા ફૂટીને.

# સારાંશ

ને પછી એવું થયું કે, રાત વરસાદી હતી,
ને પછી રસ્તામાં એક પલળેલી શહેઝાદી હતી.

ને પછી એવું થયું કે બંને સપનામાં મળ્યાં,
આ રીતે બીજે તો ક્યાં મળવાની આઝાદી હતી.

ચંદ્રને પણ છત ઉપર ઊતરી જવાનું મન થયું,
ચાંદની રાતે અગાશી કેવી ઉન્માદી હતી.

હાર પહેરાવા જતાં ઓચિંતી આંખ ઊઘડી ગઈ,
એ પછી સ્વપ્નાએ કીધું, ઊંઘ તકલાદી હતી.

આત્મહત્યાનો ગુનો દાખલ થયો દીવા ઉપર,
ને પછી જાણ્યું હવા પોતે જ ફરિયાદી હતી.

ને ખલીલ, એવું થયું, લયલા કશે પરણી ગઈ,
ને પછી બીજે દિવસ મજનૂની પણ શાદી હતી.

■

## સારાંશ

આ, હવાને રાતવાસો આપીએ,
પણ દીવાને શું ખુલાસો આપીએ.

એનું સરનામું લઈ આવે કોઈ,
તો દુવાઓ સો-સવાસો આપીએ.

સૌ દુઃખી છે, કોણ કોનું દુઃખ જુએ,
જાતને જાતે દિલાસો આપીએ.

આમ જીવતદાન મળતું હોય તો?
લો, ઉછીના થોડા શ્વાસો આપીએ.

ઊંઘને પણ શી રીતે ધમકાવીએ,
શી રીતે સ્વપ્નાને જાસો આપીએ.

એ ખરા દિલથી ખલીલ અમને કહે
તો અમે પણ પ્રેમ ખાસો આપીએ

■

સારાંશ

ઠેસ મારો ને બળદ ફાળે પડી દોડે નહીં,
એ ડમણિયું સૌથી પહેલાં માંડવે પહોંચે નહીં.

માનવી તો ઠીક, દેવોનેય ફંફોસી જુઓ,
કોઈમાં સર્વાંગ સંપૂર્ણતા કદી મળશે નહીં.

અહીં તિરાડોમાંથી સૌને ઝાંખવાની ટેવ છે,
બારણાં ખુલ્લાં મૂકી દો કોઈ પણ ફરકે નહીં.

લે હવે પક્ષીના કલરવ પર છે પાબન્દી અહીં,
ભરવસંતે પણ હવે કોયલ કોઈ ટહુકે નહીં.

ચાલ ફૂંકી મારીએ શ્વાસોની ઉષ્મા ચોતરફ,
તલસરીના તાપણાથી રાત ઓગળશે નહીં.

સાવ ઠંડી રાખમાંથી આંચ આવે છે હજી,
એ હવે બળશે કે બાળી નાખશે જંપે નહીં.

ક્યાંથી ક્યાં હિજરત કરાવે છે ખલીલ, આ દુર્દશા,
નહિ તો પોતાનું વતન તો કોઈ પણ છોડે નહીં.

■

સારાંશ

મેં જરા અમથી હવા ચાખી હતી,
પાંખ મારી કાતરી નાખી હતી.

તારી આંખોની તુમાખી પી ગયો,
તે દિ' મારી સાંજ વૈશાખી હતી.

એ જ દિલ તોડ્યું કે જેમાં રાતદિન,
યાદ તારી સાચવી રાખી હતી.

દાદ ના આપી તો મેં પડતી મૂકી,
મારી પાસે તો ગઝલ આખી હતી.

જે મળ્યું અડસટ્ટે આવીને મળ્યું,
મારી ક્યાં તકદીર તેં ભાખી હતી.

એનાં કરતૂતો ખલીલ, ઊઘડી જતે,
મેં ગઝલની મુઠ્ઠી બંધ રાખી હતી.

■

## સારાંશ

તમે મન મૂકી વરસો, ઝાપટું આપણને નૈ ફાવે,
અમે હેલીના માણસ, માવઠું આપણને નૈ ફાવે.

કહો તો માછલીની આંખમાં ડૂબકી દઈ આવું,
પરંતુ છીછરું ખાબોચિયું, આપણને નૈ ફાવે.

તું નહિ આવે તો એ ના આવવું પણ ફાવશે અમને,
ઘરે આવી, તારું પાછું જવું, આપણને નૈ આવે.

વફાદારીની આ ધગધગતી તાપણીઓ બુઝાવી દો,
સળગતું દિલ, દઝાતું કાળજું આપણને નૈ આવે.

તને ચાહું, ને તારા ચાહનારાઓને પણ ચાહું?
તું દિલ આપી દે પાછું, આ બધું આપણને નૈ ફાવે.

તમાચો ખાઈ લઉં ગાંધીગીરીના નામ પર હું પણ,
પણ આ પત્નીને બા સંબોધવું, આપણને નૈ ફાવે.

ખલીલ, અણગમતાને ગમતો કરી લેવું નથી ગમતું,
ભલે તમને બધાને ફાવતું, આપણને નૈ ફાવે.

■

સારાંશ

મનમાં તો ભરચક ભરેલું હોય છે,
એ બધી વાતો ઘરેલુ હોય છે.

આ ઊથલપાથલ ઉપરછલ્લી છે બસ,
છેક તળિયું તો ઠરેલું હોય છે.

હા, પવન લઈ જઈ શકે એ પાંદડું,
ડાળ પરથી જે ખરેલું હોય છે.

રોજ મળવાની અચાનક શક્યતા,
ક્યાં મિલન નક્કી કરેલું હોય છે.

કોઈ તો ચહેરો હશે જેના ઉપર,
કોઈ ચંચળ મન ઠરેલું હોય છે.

હું ખલીલ, એને વરી શકતો નથી,
જેને મારું મન વરેલું હોય છે.

■

સારાંશ

વહે જો લોહીની નદીઓ તો કંઈ કમાલ નથી,
કમાલ એ છે કે, દરિયાનું પાણી લાલ નથી.

તમારી આંખનાં અશ્રુ તો ખેર સાંખી લઉં,
મને એ દુઃખ કે મારા હાથમાં રૂમાલ નથી.

નશો શરાબમાં તો હોય પણ હકીકતમાં,
તમારી આંખો તો આંખો છે બસ, સવાલ નથી.

બધી જ ભાંજગડ ચાલે છે કાફિયા માટે,
રદીફની તો બિચારાની કંઈ ધમાલ નથી.

બધાને જાણીતું થાવું છે રાતોરાત અહીં,
બળાપો એ જ છે, બીજી કશી વબાલ નથી.

જરાક સમજી વિચારીને વાર કરજો તમે,
તમારા હાથમાં તલવાર છે, પણ ઢાલ નથી.

ખલીલ, એ મને બોલાવે તો જ હું જાઉં,
મને એ બોલાવે, એ વાતમાં પણ માલ નથી.

■

## સારાંશ

પ્રેમના કે નફરતના કોક દિ' જખમ ઊંડા કોક દિ' સુંવાળો ડંખ,
એ જ તો આ જીવન છે, હર પળે છે આઘાતો હર ઘડી સુંવાળો ડંખ.

પથ્થરોની દુનિયામાં, કંટકોના રસ્તા પર, જખ્મ છે ને ઠોકર છે,
ફૂલડાં જો ડંખે તો શી રીતે સહન થાશે રેશમી સુંવાળો ડંખ.

ક્યાં ખબર છે કાનાને, વાંસળીના સૂરમાંથી બાણ પણ વછૂટે છે,
રોજ રાધા કહેતી'તી, મોરલી તો વેરણ છે, મોરલી સુંવાળો ડંખ.

દુશ્મનો તો ઘા કરશે, મારશે કે ખુદ મરશે, અન્ય ક્યાં વિકલ્પો છે,
દોસ્તી ભરોસો છે, દોસ્તી ઇબાદત છે, દોસ્તી સુંવાળો ડંખ.

મીરાં હો કે રાધા હો, પ્રેમની પૂજારણ છે, બેઉ જણ વિયોગણ છે,
કૃષ્ણ તારી ચાહતનો, કાળજાને વાગે છે, પ્રેમથી સુંવાળો ડંખ.

બાગમાં બગીચામાં, ફૂલના ઘરોબામાં કંટકોની વસ્તી છે,
ફૂલ કેરી સોબતમાં, કંટકોએ શું પામ્યું, કાયમી સુંવાળો ડંખ.

આ ખલીલ, અશ્રુઓ, આ જખમ આ પીડાઓ છે ગઝલની સામગ્રી,
વેદના જરૂરી છે, એટલે તો ઝંખે છે, શાયરી સુંવાળો ડંખ.

■

# સારાંશ

છોકરાં ધાર્યું કરે છે સૌને ગણકાર્યા વગર,
ને વડીલો પણ રહી શકતા નથી ટોક્યા વગર.

બે જણા આવ્યા, મળ્યા, છૂટા પડ્યા ઘટના વગર,
જાણે આખું ચોમાસું ચાલ્યું ગયું ગાજ્યા વગર.

ના, દુવાઓ માગવાથી ચંદ્ર નહિ ટપકી પડે,
નહિ મળે અજવાળું તમને દીપ પ્રગટાવ્યા વગર.

દાદ ન મળતાં ગઝલની એવી હાલત થઈ ગઈ,
જેમ કોઈ કન્યા પરણી જાય મોસાળા વગર.

સૌ ફિદા છે પોતપોતાના જ ચહેરા પર અહીં,
કોણ નીકળે છે ઘરેથી આયનો જોયા વગર.

મિત્ર રાખો તો કોઈની દુશ્મની પણ રાખવી,
છાંયડાનું મૂલ્ય ક્યાં સમજાય છે તડકા વગર.

હું ખલીલ, પરબીડિયા પર એના અક્ષર જોઈને,
પત્રનો સારાંશ સમજી જાઉં છું વાંચ્યા વગર.

■

સારાંશ

એને સૂરજ પામવાની આશ લાગે છે કદાચ,
મારી માફક રાતભર આ રાત જાગે છે કદાચ.

સીધું આંખોમાં જ તાકે, સાવ એવા તો નથી,
આમ મારા દિલનાં ઊંડાણોને તાગે છે કદાચ.

ધીકતી પ્યાસી ધરાની આંચ વેઠાતી નથી,
એટલે તો વાદળો પણ દૂર ભાગે છે કદાચ.

બારણું ખખડે છે શાયદ જો કોઈ આવ્યું હશે,
કે પછી ખાલી અમસ્તા કાન વાગે છે કદાચ.

આમ ગઝલોની ફસલ તો ખૂબ ઊતરે છે ખલીલ,
પણ વિવેચક એ ફસલમાં ભાગ માગે છે કદાચ.

■

સારાંશ

મેં વસંતને સાવ લીલીછમ લચોલચ ડાળ આપી,
ને વસંતે આગઝરતી પાનખરની ગાળ આપી.

ભોંય પર પક્ષી ઉતાર્યાં દાણા નાખીને પ્રથમ,
એ પછી જાતે વણેલી પારધીએ જાળ આપી.

હે મુસીબત, તું ભલે આવી પણ હું પૂછું તને,
ક્યાંથી સરનામું મળ્યું ને કોણે મારી ભાળ આપી.

હું ખલીલ, આ રીતે દિલ ખોલીને ન બોલી શકત,
પણ ખુદાની મહેરબાની કે ગઝલ વાચાળ આપી.

■

## સારાંશ

જે કઠણ માટીને ઉથલાવી શકે,
એ જ માણસ બીજ પણ વાવી શકે.

તું પવન છે, આગ ભડકાવી શકે,
પણ કદી દીવો ન સળગાવી શકે.

બારણે તું હોય ને લાગ્યા કરે,
વાયરો પણ દ્વાર ખખડાવી શકે.

દે હવે વાચાળ આંખોને દુવા,
લાગણી ભીતરની પ્રગટાવી શકે.

નાહીધોઈને નીકળતા ચંદ્રને,
રાત જો ધારે તો અભડાવી શકે.

મોતી ચરતા હંસલાની આંખમાં,
મોતિયો પણ કોક દી આવી શકે.

સૂર્યને જો રાત જોવી હોય તો,
આગિયાના વેશમાં આવી શકે.

સૂર્ય જો રાતે કદી ભૂલો પડે,
આગિયો તાકાત અજમાવી શકે.

હા. ખલીલ, આજે ગઝલ ન હોય તો,
દિલની વાતો કોણ સમજાવી શકે.

■

## સારાંશ

આજના ભિખારીએ શી વિસાત બદલી છે,
ભીખ માગવાની પણ રીતભાત બદલી છે.

ક્યાંક પુસ્તકો રૂપે, ક્યાંક પાવતી રૂપે,
ભીખના શકોરાએ માત્ર જાત બદલી છે.

■

ભીંજવું પાંપણની ભીનાશે તને,
મારામાં વરસાદ દેખાશે તને.

આ રીતે પણ ક્યાંક ચૂમાશે તને,
હોઠ પર મૂકી કોઈ ગાશે તને.

હું જ ધરતી પર તને લાવી શકીશ,
મેં જ બેસાડ્યો છે આકાશે તને.

તારો શત્રુ હું નહીં પણ તું જ છે,
આજ નૈ તો કાલ સમજાશે તને.

મારા હૈયામાં કરી જો ડોકિયું,
ત્યાં અણીશુદ્ધ તું જ દેખાશે તને!

અશ્રુઓ શું શું લખે છે આંખમાં,
વાંચજે ધીમેથી વંચાશે તને.

તું ખલીલ, આ વર્ષે યાદીમાં નથી,
આવતા વરસે વિચારાશે તને.

## સારાંશ

લડાઈ મારી છે આ રાતના અંધકાર સુધી,
મને બસ સાચવી રાખો તમે સવાર સુધી.

■

## સારાંશ

એક બાજુ નોળિયો, બીજી તરફ ભુજંગ છે,
બંને વચ્ચે બે સગા ભાઈની માફક જંગ છે!

માફિયાઓના ઘરે પહોંચીને પોલીસ દંગ છે,
સંતની પધરામણી થઈ છે ને ત્યાં સત્સંગ છે.

લીલો પરચમ, કેસરી ઝંડો અને ધોળી ધજા,
સૌના પડછાયા જુઓ, એ સૌને કાળો રંગ છે!

છે ખલીલ આ તારી ગઝલો સીધી સાદી ને સરળ
એમાં બસ આકાફિયો શા માટે આવો તંગ છે!

■